
## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ મેષ / વૃષભ**

**આજના ગ્રહોની કુંડળી**




**સવારે દસ વાગે ચંદ્ર વૃષભનો થાય છે. આજે ચાંડાલ યોગ છે. કેન્દ્રમાં ચાર પાપગ્રહો છે.**

**મેષ** બીજે ચંદ્રને દસમે બુધ શુક્રના કારણે આજનો દિવસ બહુ જ સારો જશે. શનિની આડ અસરો નહીં નડે.

**વૃષભ** રાશિમાં ચંદ્રનું ઉચ્ચત્વ તમોને બધી રીતે મદદરૂપ થાય છે. સારો દિવસ જશે. આનંદમાં રહેશો - નાના પ્રવાસનો યોગ આવે છે.

**મિથુન** ત્રીજે ગુરુ ને આઠમે બુધ શુક્રની સારી અસરોને કારણે તમારો આજનો દિવસ આનંદમાં પસાર થશે. સંતાન ભણવામાં થોડું વિચલિત થશે.

**કર્ક** સાતમે શુક્ર - બુધને અગિયારમેં ચંદ્ર ઉચ્ચનો હોઈ આજનો દિવસ ખૂબ જ આનંદમાં જશે - આઠમે સૂર્ય થોડું સાચવવાનું સૂચવે છે.

**સિંહ** રાશિમાં ગુરુના કારણે તેમજ રાશિપતિની સાતમેથી રાશિ પરની દ્રષ્ટિને કારણે તમારો પ્રતાપ આજે ખૂબ જ વધશે - તમારી ગણતરી શક્તિશાળીમાં થશે.

**કન્યા** પાંચમે બુધ - શુક્રના કારણે તમારા સંતાન તરફથી સુખ મળશે - પાંચમો લક્ષ્મીયોગ પણ સારો છે - લાભ મળશે - ભાગ્ય યોગ સારો છે.

**તુલા** રાશિમાં મંગળને આઠમે ચંદ્ર પરદ્રષ્ટિને કારણે તંદુરસ્તી જળવાશે - તકલીફો ઓછી થશે - ચોથે બુધ શુક્ર - માત-પિતા તરફથી સુખ આપે.

**વૃશ્ચિક** રાશિમાં શનિ તે સાતમે ચંદ્ર ઉચ્ચનો છે માટે શનિની આડઅસરો ઓછી થશે. ભાઈી - મિત્રો તરફથી સુખ, સહકાર ને સહારો મળશે.

**ધન** ત્રીજે સૂર્ય રાજદ્વારી ક્ષેત્ર દ્વારા લાભ અપાવે - સરકારી નોકરીમાં ઉપરીઓનો સાથ - સહકાર મળી રહેશે - અધિકારીઓ તમારી પ્રસંશા કરશે.

**મકર** રાશિમાં બુધ - શુક્રની યુતિને કારણે આજે તમારી અણધારી પ્રગતિ થશે. આજે દસમે મંગળને કારણે તમારી પ્રગતિ અવશ્ય થશે.

**કુંભ** રાશિમાં સૂર્યની સાતમે દ્રષ્ટિથી તમોને લોકપ્રિયતાનો લાભ મળશે - મનમાં જે વિચારો આવે તેનો સાહસ કરીને અમલ કરશો તો ફાવશો.

**મીન** ત્રીજે ઉચ્ચનો ચંદ્ર પ્રબળ ભાગ્ય યોગ કરે છે - અગિયારમેં બુધ - શુક્ર આર્થિક લાભ અપાવશે - ડરપોકપણું છોડી દો તે મનમાં આવે તે કરો - ફાવશો.

# વાડજ પાસે શાહરૂખ ખાનની કાર પર પથ્થરમારો

## શાહરૂખ ખાન ફિલ્મ રઈસના શૂટિંગ અર્થે અમદાવાદમાં છે : ખાનને લોકો દ્વારા નારાજગીનો સામનો કરવો પડ્યો

અમદાવાદ, તા.૧૪

બોલીવુડના સુપર સ્ટાર શાહરુખ ખાનને આજે અમદાવાદમાં ટાર્ગેટ બનાવવામાં આવ્યો હતો. તેની રઈસ ફિલ્મના શૂટિંગ દરમિયાન અમદાવાદમાં આજે તેની કાર ઉપર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. તેની કારને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. જાણકાર લોકોનું કહેવું છે કે, વણઓળખાયેલા લોકોએ શાહરુખની કાર ઉપર જોરદાર પથ્થરમારો ચલાવ્યો હતો. જો કે, શાહરુખ ખાન કારમાં ન હતો. વર્ષ ૨૦૧૬ની સૌથી મોટી ફિલ્મ તરીકે રઈસને ગણવામાં આવે છે. આ ફિલ્મનું શૂટિંગ ગુજરાતમાં ચાલી રહ્યું છે.

આજે સવારે બનેલા બનાવના સંદર્ભમાં શાહરુખ ખાને હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપી નથી. અગાઉ એવા અહેવાલ આવ્યા હતા કે, વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ગુજરાતમાં રઈસ ફિલ્મના શૂટિંગ વેળા વિરોધ કરાયો હતો. જિલ્લા કલેક્ટરની ઓફિસની બહાર પણ દેખાવો કરાયા હતા. આ ફિલ્મમાં નવાઝુદ્દીન સિદ્દીકી અને પાકિસ્તાની મૂળની અભિનેત્રી માહિરાની ભૂમિકા છે. આ ફિલ્મ ઈદ ઉપર રજૂ કરવામાં આવનાર છે. અસહિષ્ણુતા મામલે શાહરુખ ખાનને થોડાક સમય પહેલા કરેલા નિવેદન મુદ્દે છેલ્લા કેટલાક સમયથી વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે.



ગઈકાલે શહેરના આશ્રમ રોડ પર આવેલા હોટલ હયાતની બહાર કેટલાક અજાણ્યા શખ્સોએ પુતળા દહન કર્યું હતું. જ્યારે આજે વહેલી સવારે આશરે ૪ વાગ્યાની આસપાસ બહાર પડેલી શાહરુખ ખાનની કાર પર ૮થી૧૦ જેટલા અજાણ્યા શખ્સોએ પથ્થરમારો કર્યો હતો. પથ્થર મારો કરી રહેલા શખ્સોએ જયશ્રીરામના પણ લગાવ્યા હતા. શાહરુખ સામેના વિરોધના પગલે અને આજે વહેલી સવારે કાર પર થયેલા પથ્થરમારાને પગલે ૧૦૦થી ૧૫૦ પોલીસ જવાનો કાફલો હોટલ હયાત બહાર ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

આ ઘટના બાદ હોટલ હયાતના સિક્યુરિટી મેનેજરે વાડજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. આ અંગે પોલીસે ૧૦ શખ્સો વિરુદ્ધ રાયોટીંગ અને જાહેર નામાભંગનો ગુનો નોધી તપાસ હાથ ધરી હતી. પોલીસે સીસીટીવી ફુટેજ મેળવીને આરોપીઓને પકડવાની કવાયત હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ થોડા દિવસ પહેલા ભુજમાં રઈસના શુટિંગ દરમ્યાન શાહરુખ સામે વીએસપીએ વિરોધ કર્યો હતો. જેને પગલે એક દિવસ શુટિંગ રદ કરી દેવાની ફરજ પડી હતી. શાહરુખની ફિલ્મ દિલવાલે સામે પણ ભારે વિરોધ થયો હતો. ગુજરાતમાં પણ શાહરુખના પુતળાનું દહન કરાયું હતું અને થિયેટરોમાં દિલવાલેના શો ના શો રદ કરવાની ફરજ પડી હતી. બોલિવુડ એક્ટર શાહરુખાન ના ૫૦માં જન્મદિવસે કથિત રીતે દેશના વાતાવરણ વિશે ચિંતા વ્યક્ત કરી હતી. ત્યાર બાદથી શાહરુખ ખાન ને સતત વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે.





## પસવાદળ ખાતે શકટામ્બિકા માતાજીનો પાટોત્સવ ધામધૂમપૂર્વક યોજાયો

બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના પસવાદળ મુકામે શ્રી શકટામ્બિકા માતાજીના ૧૦૨માં પાટોત્સવની ભારે હર્ષ અને ભક્તિભર્યા માહોલમાં ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે હજારોની જનમેદનીએ ભક્તિભાવપૂર્વક માતાજીના દર્શન કરી આ મહાઅવસરના સહભાગી બન્યા હતા. આ પ્રસંગે માતાજીની શોભાયાત્રાનું સમગ્ર પસવાદળ ગામમાં પરિભ્રમણ કરવામાં આવ્યું હતું. માતાજીના પાટોત્સવ પ્રસંગે સમગ્ર પાસવાદળ ગામમાં આનંદ, ઉત્સાહ અને ભક્તિનો ભવ્ય માહોલ છવાયો હતો. ઉલ્લેખનીય છે કે શ્રી શકટામ્બિકા માતાજી ગૌતમ ગૌત્રના બ્રાહ્મણોની કુળદેવી હોવાથી સમગ્ર ગુજરાતમાંથી વિશાળ સંખ્યામાં માઈભક્તો દર્શનાર્થે આવ્યા હતા.

## છેલ્લા બે વર્ષમાં એસટીને ૬૦૦થી વધુ દુર્ઘટના નડી

### બસોની ડિઝાઈનમાં ફેરફાર તેમજ યોગ્ય સાચવણી નહીં હોવાના કારણે અકસ્માતો : સુધારા પગલા લેવાની જરૂર

અમદાવાદ, તા.૧૪

ગુજરાતમાં એસટી બસને આવરી લેતા અકસ્માતોનો સીલસીલો હાલમાં વધી ગયો છે. ૧૦ દિવસના ગાળામાં જ બે મોટા અકસ્માતો થયા છે જેમાં નવસારીમાં ૪૨ લોકોના મોત થયા હતા અને સાવરકુંડલામાં સાત લોકોના મોત થયા હતા. આ અકસ્માતમાં જ ૫૦ જેટલા લોકોના મોત અને મોટી સંખ્યામાં લોકો ઘાયલ થવાના અહેવાલ વચ્ચે આંકડા દર્શાવે છે કે, ૨૦૧૪-૧૫ના ગાળામાં એસટીને આવરી લેતા ૬૪૦થી વધુ બનાવ બન્યા હતા. જ્યારે છેલ્લા બે વર્ષમાં ૨૦૦થી પણ વધુ લોકોના મોત થઈ ચુક્યા છે. એસટીબસોની ડિઝાઈન અને કલરમાં ધરમૂળથી ફેરફારો કરવામાં આવી રહ્યા છે. જેના કારણે તેની મજબુતાઈ તેમજ ગુમવત્તા જળવાતી નથી. હવે તો એસ ટી બસને ઓળખવી પણ કેટલીકવાર મુશ્કેલ બની રહ્યું છે. મહારાષ્ટ્ર અને રાજસ્થાનમાં એક જ ડિઝાઈન અને મજબુતાઈની બસો હાલમાં પણ બની રહી છે. જ્યારે ગુજરાંતમાં બસોને હલકી કરીને કિ.મી પ્રતિ લીટર ડિઝલના વપરાશમાં રાષ્ટ્રીય એવોર્ડ મેળવવાની બાબતને મુસાફરોની સલામતીની તુલનામાં વધુ મહત્વ અપાઈ રહ્યું છે. અત્યારે સામાન્ય અકસ્માતમાં બસો કાટમાળમાં ફેરવાઈ જતી હોય છે. સાવરકુંડલાના અકસ્માતમાં બસે ત્રણેક પલટી ખાધી તેમાં તો બસની સીટનો ઉપરનો આખો ભાગ જ હતો ન હતો તઈ ગયો આ અંગે નિષ્ણાતોનું કહેવું છે કે કે એમપીએલની લહાયમાં જો બસોની ગુણવત્તા અને મજબુતાઈ સાથે ચેડા ન કરાયા હોય તો બસ પલટી જવાના કેસમાં મૃત્યુઆંક આટલો બધો વધી ન જાત. એસ ટી નિગમ પાસે હાલ તેનું પોતાનું એશિયાનું સૌથી મોટું ગણાતુ બસ બોડી બિલ્ડિંગનું વર્કશોપ આવેલું છે. જ્યાં સમયની સાતે મશીનરી અપગ્રેડ કરીને સ્ટાફભર્તી કરીને નવી બસો બનાવી શકાય તેમ હોવા છતાં હાલમાં મોટાભાગની નવી બસો બનાવવા માટે પ્રાઈવેટ પાર્ટીઓને જ ઓર્ડર આપી દેવાતા હોય છે.



ક્રોસ વર્લ્ડમાં અમદાવાદ સિટી વીથ પાસ્ટ પુસ્તકના વિમોચન પ્રસંગે મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## સુરપુર પાસે પાંચ અજાણ્યા શખ્સોએ ટ્રકચાલકને માર મારી લૂંટ ચલાવી ફરાર

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જિલ્લા પોલીસતંત્રની નબળી કામગીરીથી જિલ્લાના પ્રજાજનોમાં ભારે આક્રોશ ફેલાયો છે.

જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ચોરો, તસ્કરો, પાકીટમારો તેમજ ચેઈનસ્નેચરો અને ઘરફોડીયા તેમજ નકલી પોલીસ બિંદાસ્ત લૂંટની ઘટનાને અંજામ આપી ફરાર થઈ જાય છે. મોડાસા-શામાજી રાજ્ય ધોરીમાર્ગ પર આવેલા ઉમેદપુર (જીવણપુર)ના દૂધ ઉત્પાદક મંડળીના તાળા તેમજ મંદિરની દાન પેટી તોડી તસ્કરોએ ૨.૧૨ લાખની લૂંટ ચલાવી ફરાર થઈ ગયાને ૨૪ કલાક જેટલો સમય નથી થયો ત્યારે તેનાથી ૭ કિમી મોડાસા તરફ આવેલા સુરપુર ગામ નજીક શનિવારે રાત્રે ટ્રકચાલકોને માર મારી હાથપગ બાંધી ઝાડીમાં નાંખી ૪૬૦૦૦ રૂ.ની લુંટ ચલાવી પાંચ અજાણ્યા શખ્સો ફરાર થઈ જતા મોડાસા રૂરલ પોલીસતંત્ર અને જિલ્લા પોલીસતંત્ર માટે એક સાંધે ત્યાં તેર તુટે જેવા ઘાટ સર્જાયા છે. અહીંથી પસાર થતા વાહનચાલકોમાં આ ઘટનાથી ફફડાટ ફેલાયો હતો.

મોડાસા-શામળાજી રાજ્ય ધોરીમાર્ગ પર ૨૪ કલાકની અંદર ચોરી-લૂંટની બે ઘટનાઓ બનતા પોલીસતંત્ર હાફળુ-ફાંફળુ બની ગયુ છે. શનિવારે રાત્રીના દોઢ વાગ્યાના સુમારે મરડીયા-સુરપુર નજીક ટ્રકચાલક ફજરૂદીન સુલેમાન પઠાણની ટ્રકનું ટાયર પંચર પડતા અન્ય ટ્રકચાલક તેની ટ્રક સાથે ઉભા રહી ટાયર બદલતા હતા ત્યારે ૨૫ થી ૩૦ વર્ષના ૫ અજાણ્યા શખ્સો ધસી આવી હાફિત કમરાનખાન પઠાણને લાકડીથી માર મારી તેની સાથે ફજરૂદીન પઠાણને ગડદાપાટુનો માર મારી બાવળની ઝાડીઓમાં ઢસડી જઈ અમારા ગામની છોકરી કેમ ઉપાડી ગયા છો તેવી ધમકી આપી ફજરૂદીન પઠાણ પાસેથી રોકડ રકમ ૨૦૦૦૦ તથા એક મોબાઈલ ૫૦૦ આઝાદ આમીન મુસલમાન ૨૫૦૦૦ મળી મોબાઈલ નંગ-૧ રૂ. ૫૦૦ મળી ૪૬૦૦૦ની મત્તાની લૂંટ ચલાવી માર મારી મોડાસાથી શામળાજી તરફ જતા માર્ગ પરથી જતા રહ્યા હતા.

## અમદાવાદ શહેર ૨૬મીએ ૬૦૫ વર્ષ પુરા કરશે

અમદાવાદ, તા.૧૪

આગામી ૨૬મી ફેબ્રુઆરીના દિવસે અમદાવોદ શહેર તેની સ્થાપનાના ૬૦૫ વર્ષ પુરા કરશે. આ દિવસે શહેરના એલિસબ્રિજના છેડે આવેલા માણેક બુરજ ખાતે ધજા બદલવાથી લઈને અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરીને અમદાવાદ શહેરનો બેપી બર્થ ડે ઉજવવા માટે તંત્ર દ્વારા તૈયારીઓ પુરજોશમાં શરૂ કરી દેવામાં આવી છે. અમદાવાદ શહેર સુલતાન અહમદશાહ દ્વારા ૨૬ ફેબ્રુઆરી ૧૪૧૧ના દિવસે વસાવવામાં આવ્યું હતું. સુલતાન અહમદશાહ બાદશાહ દ્વારા જે સમયે અમદાવાદ શહેરનો રચના કરવામાં આવી હતી તે સમયે આ શહેરને કોટ વિસ્તાર અને બાર જેટલા મુખ્ય દરવાજાઓમાં વસાવાયુ હતું. અમદાવાદ શહેરની સ્થાપનાને ૨૬મી ફેબ્રુઆરીના રોજ ૬૦૫ વર્ષ પુરા થઈ ગયા છે. ત્યારે મ્યુનિસિપલ કોર્પોરેશનના હેરિટેજ વિભાગના વડા નાયરનો સંર્પક કરવામાં આવતા તેમણે જણાવ્યું છે કે, આ દિવસે માણેકનાથ બાવામાં વંચજો દ્વારા શહેરના એલિસબ્રિજના છેડે આવેલા માણેકબુરજ ખાતે ધજા બદલવાનો કાર્યક્રમ યોજવામાં આવશે આ ઉપરાંત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અને શહેરના અન્ય સંગઠનો તરફથી વિવિધ કાર્યક્રમોનુંપણ આયોજન કરવામાં આવનાર છે.

## ડીડીઓની તાકીદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને જિલ્લાકક્ષાના કામોની સંખ્યા ૧૭૫ જેટલી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી કૌશિક ભીમજીયાણીએ સ્પીલ ઓવર થયેલા તેમજ બાકી રહેલા કામો ૩૧મી માર્ચ સુધીમાં પૂર્ણ કરી દેવા માટે કડક તાકીદ કરી છે. આ ઉપરાંત ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્રો પણ સમયસર મોકલી આપવા માટેની સૂચના આપવામાં આવી છે.

૧૩મા નાણાંપંચમાં ૭૦ ટકા રકમ ગ્રામ્યકક્ષાએ ફાળવવામાં આવતી હતી જ્યારે ૧૫ ટકા તાલુકાકક્ષાએ અને ૧૫ ટકા રકમ જિલ્લા કક્ષાએથી વિકાસ કામો માટે ખર્ચવામાં આવે તેવી નીતિ હતી.

જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ તેમજ અન્ય ચૂંટણીની આચારસંહિતાને પગલે વિકાસ કામો પર અસરો પડી હતી. ૧૩મા નાણાં પંચ અંતર્ગત છેલ્લા વર્ષે જિલ્લાને રૂ. ૧૧ કરોડ ફાળવવામાં આવ્યા હતા જે ઉલ્લેખનીય છે.

## અફડાતફડી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જો કે વર્તમાન નાણાંકીય વર્ષ માટે જીડીપી ગ્રોથની આગાહી ૭.૬ ટકા કરવામાં આવેલી છે. આવતીકાલે માર્કેટમા જાન્યુઆરી મહિના માટેના કન્ઝ્યુમર પ્રાઈસ ફુગાવા અને ડિસેમ્બર મહિના માટેના ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્શન ડેટાની અસર રહેશે. આઈઆઈપીનો આંકડો ડિસેમ્બરમાં વાર્ષિક ૧.૩ટકા રહ્યો છે. દરમિયાન જાન્યુઆરીમાં વાર્ષિક કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ફલેશનનો આંકડો ૧૭ મહિનાની ઉંચી સપાટી પર રહ્યો છે. તેનો દર ૫.૬૯ ટકા રહ્યો છે. આ ઉપરાંત આવતીકાલે સરકાર દ્વારા જાન્યુઆરી મહિનાના હોલસેલ પ્રાઈસ ઈન્ડેક્સ પર આધારિત ફુગાવાના આંકડાની પણ બજાર પર અસર રહેશે. તમામ મોટી કંપનીઓના કમાણીના આંકડા આશાસ્પદ રહ્યા નથી. શેરબજારમાં છેલ્લા સપ્તાહ દરમિયાન વર્ષ ૨૦૦૯ બાદથી સૌથી ખરાબ સપ્તાહની સ્થિતી રહી હતી. છેલ્લા સપ્તાહ દરમિયાન સેન્સેક્સમાં ૧૬૩૧ પોઈન્ટનો ઘટાડો થયો હતો. અથવા તો સેન્સેકસ ૬.૬ ટકા સુધી ઘટીને ૨૨૯૮૬ની સપાટી પર રહ્યો હતો. નિફ્ટી ૫૦૮ પોઈન્ટ અથવા તો ૬.૭૮ ટકા ઘટીને ૬૯૮૧ની સપાટી પર રહ્યો હતો. જાણકાર લોકોનું કહેવું છે કે, શેરબજારમાં વૈશ્વિક ચિંતા હાલ અકબંધ રહેશે જેના પરિણામ સ્વરુપે તેની અસર બજાર ઉપર નોંધાશે.અત્રે ઉલ્લેખનીય છે કે, સેંસેક્સમાં વર્ષ ૨૦૧૫માં ૧૩૮૨ પોઈન્ટ અથવા તો ૫.૦૨ ટકાનો ઘટાડો થયો હતો. અગાઉના વર્ષમાં ૩૦ ટકાનો ઉછાળો નોંધાયા બાદ ૨૦૧૫માં ઘટાડો થયો હતો. ઈન્ડેકસમાં છેલ્લે ૨૦૧૧માં ઘટાડો નોંધાયો હતો તે વર્ષે સેંસેક્સમાં ૨૪ ટકાનો ઘટાડો નોંધાયો હતો. ઈન્ડેક્સ ૨૦૧૫માં ૨૬૧૧૮ની સપાટીએ બંધ રહ્યો હતો.નિફ્ટીમાં વર્ષ ૨૦૧૧ બાદથી ૩૩૬ પોઈન્ટનો ઘટાડો વર્ષ ૨૦૧૫માં રહ્યો હતો.

## બેંકિંગ સેક્ટર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કહ્યું હતું કે, બેંકિંગ સુધારાઓની જાહેરાત બજેટમાંમાં કરવામાં આવનાર છે. ૨૯મી ફેબ્રુઆરીના દિવસે કેન્દ્રીય બજેટ જેટલી રજૂ કરશે. જો કે, બેંકિંગ સેક્ટરમાં કયા પ્રકારના સુધારા રહેશે તે અંગે કોઈ સંકેત આપ્યા ન હતા. જાહેર ક્ષેત્રની બેંકોની જરૂર છે. કારણ કે, તેમના ભૌગોલિક નેટવર્કના પરિણામ સ્વરુપે નાણાંકીય ભાગીદારીમાં તેમની ભૂમિકા મોટી રહે છે. વ્યૂહાત્મક હિસ્સેદારી વેચાણ સહિત ડિસઈન્વેસ્ટમેન્ટનો ઉલ્લેખ કરતા જેટલીએ કહ્યું હતું કે, શેરબજારમાં હાલમાં ખુબ જ નિરાશાજનક સ્થિતિ અને ઉથલપાથલ હોવાના લીધે આ પ્રક્રિયા રોકી દેવામાં આવી છે. સુધારાઓના મુદ્દા ઉપર સરકારે પીછેહઠ કરી છે કે કેમ તે અંગે પૂછવામાં આવતા જેટલીએ કહ્યું હતું કે, એનડીએ સરકાર દ્વારા કરવામાં આવેલું કામ ગણિતની દ્રષ્ટિએ જોવામાં આવે તો અગાઉ કરતા વધારે છે. ૯૦ના દશકમાં નાણામંત્રી તરીકે મોટા આર્થિક સુધારાઓ હાથ ધરવા બદલ જેટલીએ ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહની પ્રશંસા કરી હતી. જેટલીનું કહેવું છે કે, આર્થિક સુધારા ખુબ જ મહત્વપૂર્ણ છે. નાણામંત્રી તરીકે મનમોહનસિંહ ખુબ સારા રહ્યા છે પરંતુ વડાપ્રધાન તરીકે તેમની કામગીરી નબળી રહી હતી. ઉપલાગૃહમાં જીએસટીના પસારના સંદર્ભમાં જેટલીએ કહ્યું હતું કે, આગામી દિવસોમાં મંત્રણા મારફતે આને પસાર કરાશે તેવી આશા છે. પ્રધાને પુનરોચ્ચાર કર્યો હતો કે, સ્થિર કરવેરા વ્યવસ્થા માટે સરકાર કટિબદ્ધ છે.

## માર્ગદર્શન આપશે.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉનડકટ સહીતના તજજ્ઞો વિદ્યાર્થીઓને તાણમુક્ત કરવા માટે વકતવ્ય આપશે.

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી માર્ચ મહીનામાં ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ માટે પરિક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. વિદ્યાર્થીઓની વર્ષ દરમિયાનની મહેનતનો નિચોડ માત્ર ત્રણ કલાકમાં જ રજુ કરવાનો હોવાથી આ મહત્વની બોર્ડ કસોટીને અનુલક્ષી પરિક્ષાર્થીઓ તાણ તેમજ ટેન્શનનો શિકાર બનતા હોય છે.જયારે આવા કિસ્સામાં કયારેક ગંભીર પરિણામો આવતા હોવાનુ પણ ધ્યાને આવે છે. વિદ્યાર્થીઓ હળવા ફુલ થઈને પરિક્ષામાં જોડાય તેમજ નેગેટીવ વિચારોથી દુર રહે અને હતાશાનો શિકાર ન બને તે માટે શિક્ષણ બોર્ડ દ્વારા તજજ્ઞોના માધ્યમથી માર્ગદર્શન પુરુ પાડવા માટે એક કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે. જે અન્વયે આગામી તા ૧૮ ફેબ્રુઆરીના રોજ સવારે ૧૧ કલાકે કૃષ્ણકાન્ત ઉનડકટ તેમજ તા ૨૫ ફેબ્રુઆરીના રોજ જય વસાવડા બાયસેગના માધ્યમથી વિદ્યાર્થીઓને માહીતગાર કરશે. જેમાં ગાંધીનગર જિલ્લાની તમામ શાળાઓના વિદ્યાર્થીઓ પણ આ કાર્યક્રમનો લાભ લે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

## કાયદો અને કાનૂન ● ૪ પાનાનું ચાલુ...

અગાઉ કેન્દ્ર સરકારે પર્યાવરની મંજુરી માટે ખનીજ લીઝ માટે કડક જોગવાઈઓનો અમલ કરવા માટે નીતી નિયમો બનાવેલ જેમાં પછળા બારણે કેન્દ્ર સરકારે છૂટછાટ આપતા કરોડોની રોયલ્ટીની ચોરી થતી હતી. આવી ચોરીઓ રોકવા માટે રાજયમાં સાત સ્થળોએ એક ચેક પોસ્ટ ઉભી કરવામાં આવશે અને ચોરી પકડશે. મોટાભાગની ખાણોની માલીકી અને લીઝ રાજનેતાઓ અને અધિકારીઓની મલીભગતથી ચાલતી આવે છે. ઘણા કિસ્સાઓમાં જે તે વિભાગના અધિકારીઓની ગર્ભીત ભાગીદારીથી જ આવી ખાણ ખનીજની લીઝ મંજુરી મળતી હોય છે. વાડ ચીભડા ગળે દશ બાર જેવો ઘાટ ઘડયા છે. મોસાળમાં જમણવારને મા પીરસનાર જેવો ઘાટ ઘડાય છે. સરવાળે ભીનું સંકેલી કરોડોની રોયલ્ટીની ચોરી કરવામાં આવે છે. નવી નીતીના અમલવારી માટે લાંબો સમય વિતે તો ગુજરાતની ખનીજ ખાણની કુદરતી સંપત્તિને ભૂમાફીયા પાછીપાની નહી કે જીલ્લાવાર એક પોસ્ટો હજુ સુધી ઉભી કરવામાં આવેલ નથી. માત્ર ફલાઈંગ સ્કોડ ના દરોડા દરમ્યાન જ આવા કૌભાંડનો પર્દાફાશ થાય છે.

પકડાયેલ ગુન્હેગારોને યોગ્ય સજા કરી નવા નિયમો મુજબ નવી પરવાનગી આપવામાં કડક અમલવારી શરૂ થાય તો જ કુદરતી સંપત્તિનો બચાવ કરી શકાશે.

## અતીતની આજ ● ૪ પાનાનું ચાલુ...

કર્યો હતો. ગાંધીજીએ ભગત સિંહને ‘હૃદયશૂન્ય’ શાસકોના ક્રૂર કૃત્યથી બચાવી લેવા કશું નહીં કર્યાનો ભ્રમ આજે પણ ફેલાવાય છે. એ વખતે એટલે કે ૧૯૩૧માં પણ ફેલાવાતો હતો. માર્ચ ૧૯૩૧માં કોંગ્રેસનું ૪૫મું અધિવેશન કરાંચીમાં ભરાયું એ વેળા ગાંધીજી અને કોંગ્રેસી નેતાઓ ભણી યુવાનોનો ભયંકર આક્રોશ વ્યક્ત થયો હતો અને તેમને કાળાં ફૂલ આપીને આવકારવામાં આવ્યા હતા. અધિવેશનના પ્રમુખપદેથી સરદાર પટેલે કહેલા શબ્દો કાયમ યાદ રાખવા જેવા છેઃ “નવજવાન ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુને થોડા દિવસ ઉપર ફાંસી મળી છે. તેથી પારાવર ઉકળાટ થયો છે. એ યુવાનોની કાર્યપદ્ધતિ સાથે મારે નિસબત નથી. બીજા કોઈપણ હેતુને માટે ખૂન કરવું તેના કરતાં દેશને માટે કરવું એ ઓછું નિંદ્ય છે એમ હું માનતો નથી. છતાં ભગતસિંહ અને તેના સાથીઓની દેશભક્તિ, હિંમત અને બલિદાન આગળ મારું શિશ ઝૂકે છે.આ યુવાનોને ફાંસીને બદલે દેશનિકાલની સજા કરવામાં આવે તેવી આખા દેશની માગણી હોવા છતાં સરકારે તેમને ફાંસી દઈ દીધી છે, એ હાલનું રાજતંત્ર કેટલું હૃદયશૂન્ય છે એ પ્રગટ કરે છે.”